BUSINESS મિત્ર

આઇટી, રિયલ્ટી અને પ્રાઇવેટ બેંકોના દમ પર બજાર ચમક્યું, રોકાણકારોએ દોઢ લાખ કરોડની કમાણી કરી

સેન્સેક્સ 790 પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટી 24,000ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકી સેનેટમાં એક ઐતિહાસિક પ્રસ્તાવ સાથે ઝટકો લાગ્યો હતો, જેના કારણે હવે તેમના માટે ઈરાન પર હુમલો કરવો મુશ્કેલ બન્યો હતો, તેથી તેણે બજારમાં ઘણો વધારો કર્યો હતો. જેમાં સેન્સેક્સ 900 પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો, જ્યારે નિફ્ટી 24100ની નજીક પહોંચી ગઇ હતી, જ્યારે બ્રોડર માર્કેટમાં પણ સારી રીકવરી જોવા મળી હતી. સેકટર વાઇઝ જોઇએ તો મેટલ શેરોમાં પુનરાગમન કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ વેચવાલી હાવી રહી હતી. જોકે, આઇટી અને પ્રાઇવેટ બેન્કમાં સેકટર મળીને બજારમાં શાનદાર દેખાવ કર્યો હતો, જેમાં ગઇકાલે આઇટી શેરોના કડાકામાં મોટાભાગની રીકવરી થઇ ગઇ હતી. તેવી જ રિયલ્ટી શેરોમાં પણ રીકવરી જોવા મળી હતી. બીએસઇ લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં દોઢ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. જે રૂ. 474 લાખ કરોડથી વધીને 476 લાખ કરોડ પર પહોંચ્યો હતો. ક્રુડ ઓઇલના નરમ ભાવ, વ્યાજદર અને ફુગાવાના દ્રષ્ટિકોણ અંગે આરબીઆઇના ગર્વનરની પ્રોત્સાહક ટિપ્પણીઓ અને હેવીવઇટ બેન્કીગ અને નાણાકીય શેરોમાં મજબૂત ખરીદીને ટેકો આપવાને કારણે સુધારો જોવાયો હતો. બીએસઇ સેન્સેક્સ 790.54 પોઇન્ટ એટલે કે 1.04 ટકા વધીને 76991.22 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77190 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76121 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ ફરીથી 24000 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 197.55 પોઇન્ટ એટલે કે 0.83 ટકા વધીને 24021.65 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં 24090 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23789 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 966.60 પોઇન્ટ એટલે કે 1.69 ટકા વધીને 58150.35 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જીએમઆર એરપોર્ટમાં 71.66 ગણા, કેપ્રી ગ્લોબલ કેપિટલમાં 42.98 ગણા, ઝેડએફ કોર્મશીયલમાં 33.35 ગણા, અદાણી પોર્22.88 ગણા, કેપિટસમાં 30.54 ગણા અને સ્વીગીમાં 18.12 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઝેડએફ કોર્મશીયલ 22.88 ગણા, કેપીઆર મીલ્સમાં 14.15 ગણા, બ્રેઇબીસ સોલ્યુશન્સમાં 7.92 ગમા, ક્રેડિટએક્સેસમાં 6.36 ગણા અને ટ્રાઇડન્ટમાં 5.83 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો, પણ લાર્જકેપ શેરોની સરખામણીએ અંડરપર્ફોમ કર્યુ હતું. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2223 શરોમાં વધારો હતો, જ્યારે 2031 શેરો ઘટાડો જોવાયો હતો. જ્યારે 187 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.17 ટકા વધ્યા હતા. જેમાં બ્રિગ્રેડ એન્ટર, ફોનીક્સ મીલ્સ, લોઢા ડેવલપર્સ, ઓબેરોય રિયલ્ટી, શોભા, પ્રેસ્ટીજ એસ્ટેટ, ગોદરેજ પ્રોપર્ટીઝ, અનંતરાજ, ડીએલએફ અને એબી રિયલ્ટી એસ્ટેટ વધ્યા હતા. વૈશ્વિક સ્તરે ડાઉન લાલ નિશાનમાં રહેતા અમેરિકન બજારો નીચા ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુરોપિયન બજારો પણ લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જોકે, હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઇલ ટેન્કરોની અવનજવન ચાલુ રહેતા ક્રુડના ભાવમાં ઘટાડો ચાલુ રહ્યો હતો.

રૂપિયામાં રીકવરી, 8 પૈસા સુધર્યો

ક્રુડ ઓઇલમાં સતત ઘટાડો ચાલુ રહેતા રૂપિયામાં રીકવરી જોવા મળી હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 8 પૈસા 94.66ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.74ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.57, પાઉન્ડ 124.56, કેનેડિયન ડોલર 66.66, ઓસ્ટ્રેલિયન ડોલર 65.32, જાપાનીઝ યેન 0.5855 અને સીંગાપોર ડોલર 72.82ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.66 રૂ.
યુરો	107.57 રૂ.
પાઉન્ડ	124.56 રૂ.
યેન	0.5855 રૂ.

સેન્સેક્સ	790.54	76991.22
નિફ્ટી	197.55	24021.65
બેન્ક નિફ્ટી	966.60	58150.35

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.95	5207.20
અદાણી એન્ટર	3.60	3069.70
ટ્રેન્ટ	3.31	3247.00
ટેક મહિન્દ્રા	3.25	1461.60
બજાજ ફાઇ.	2.97	990.95

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ઓટો	2.74	9750.00
એનટીપીસી	2.07	357.05
ઓએનજીસી	1.78	240.00
ટાટા સ્ટીલ	1.76	190.16
બીઇએલ	1.54	413.55

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.72	5203.50
ટ્રેન્ટ	3.61	3255.00
ટેક મહિન્દ્રા	3.25	1461.25
બજાજ ફાઇ.	2.96	990.80
ICICI બેન્ક	2.69	1374.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	2.11	357.00
ટાટા સ્ટીલ	1.81	190.15
મારૂતિ સુઝુકી	1.60	13234.35
બીઇએલ	148	413.75
ભારતી એરટેલ	1.27	1877.00

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ’’	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ’’	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ’’	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૫૫૦૦
તેજાબી સોનું	૧૪૫૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૨૨૫
દાગીના-બીઆઇએસ હોલમાર્ક	૧૪૨૫૯૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૫૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૫૩૦૦
ચાંદી સિક્કા	૨૨૬૮૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

Westside અને Zudioને સુપરહિટ બનાવનાર નોએલ ટાટા નિવૃત્ત

નોએલ ટાટા ટ્રેન્ટના ચેરમેન પદેથી રાજીનામું આપશે

નોએલ ટાટાએ એજીએમમાં કહ્યું હતું કે, કંપનીના શ્રેષ્ઠ વર્ષો આવવાના બાકી છે

મુંબઇ, તા. 24: નોએલ ટાટાએ ટ્રેન્ટ લિમિટેડના ચેરમેન પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. આ સાથે ટ્રેન્ટ સાથેનો તેમનો લગભગ 30 વર્ષનો કાર્યકાળ પૂરો થઇ જશે. તેઓ લગભગ 70 વર્ષના થવાના છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નોએલ ટાટાએ ટ્રેન્ટની 47મી વાર્ષિક સામાન્ય સભામાં શેરહોલ્ડરોને કહ્યું હતું કે ચેરમેન તરીકે આ તેમની છેલ્લી એજીએમ છે.

ટાટા ગ્રુપની ગવર્નન્સ પોલિસી અનુસાર એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સની નિવૃત્તિની ઉંમર 65 વર્ષ છે, જ્યારે નોન-ઈન્ડિપેન્ડન્ટ નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ 70 વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે. સ્વતંત્ર ડિરેક્ટર 75 વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે. ટ્રેન્ટ એ ટાટા ગ્રુપનો ફેશન અને લાઇફસ્ટાઇલ બિઝનેસ છે. કંપની પાસે વેસ્ટસાઇડ, ઝુડિયો અને સ્ટાર જેવી બ્રાન્ડ્સ હેઠળ રિટેલ સ્ટોર્સ છે.

નોએલ ટાટા 1998માં ટ્રેન્ટના બોર્ડમાં ડિરેક્ટર તરીકે જોડાયા હતા. તે સમયે, તેમની માતા સિમોન ટાટાએ લેક્મેના ડિવેસ્ટમેન્ટ પછી કંપનીની શરૂઆત કરી હતી. તેમણે જૂન 1999માં ટ્રેન્ટના પ્રથમ મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યો. નાણાકીય વર્ષ 2026માં ટ્રેન્ટની આવક વધીને 19701 કરોડ રૂપિયા થઇ છે. વાર્ષિક સામાન્ય સભામાં બોલતા, નોએલ ટાટાએ જણાવ્યું હતું કે, “એક વેસ્ટસાઇડ સ્ટોરથી 1200થી વધુ સ્ટોર્સના નેટવર્ક સુધી, અમારી યાત્રા સતત વધી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, અમે અમારા પોર્ટફોલિયોમાં શક્તિશાળી વૃદ્ધિ એન્જિન ઉમેર્યા છે. ખાસ કરીને જુડિયો અને સ્ટાર, જે હવે અમારા પોર્ટફોલિયોનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

નોએલ ટાટાનું માનવું છે કે ટ્રેન્ટના શ્રેષ્ઠ વર્ષો આવવાના બાકી છે. કંપની તેની વૃદ્ધિ યાત્રાના પ્રારંભિક તબક્કામાં છે. કંપનીની સામે અપાર તકો છે અને તે માત્ર ભારત પૂરતી મર્યાદિત નથી. આગામી વર્ષોમાં, ટ્રેન્ટ વિવિધ કેટેગરીમાં વધશે અને નવા સ્થળોએ પણ પહોંચશે.

નોએલ ટાટાએ કંપનીની 2023 શેરહોલ્ડરોની મીટીંગનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે ટ્રેન્ટને દસ ગણો મોટો બનાવવાનું વિચાર્યું હતું. ત્યારથી, આવક અને નફાકારકતા રન રેટમાં 2.5 ગણાથી વધુનો વધારો થયો છે. મને ખાતરી છે કે અમે ટૂંક સમયમાં તે સીમાચિહ્ન પર પહોંચી જઇશું જેનો મેં ઉલ્લેખ કર્યો છે.

ફૂડ ડિલિવરી માર્કેટમાં નવો જંગ

30% સુધી કમિશન વસૂલતી સ્વિગી-ઝોમેટો સામે રેપિડોનો મોટો દાવ

3 મહિનામાં 1 કરોડ ડાઉનલોડ્સ સાથે ‘Only’ એપ હિટ

મુંબઇ, તા. 24: ફુડ ડીલીવરી સેગમેન્ટમાં નવી જંગ છેડાઇ ગઇ છે. સ્વીગી અને ઝોમેટોના વર્ચસ્વને પડકારવા માટે એક નવો ખેલાડી આ સેકટરમાં પ્રવેશ્યો છે. રેપિડો ફુડ ડિલીવરી સેગમેન્ટમાં પ્રવેશ કરી ચુક્યો છે. રેપિડોનું રાઇડર્સ નેટવર્ક અને શુન્ય કમિશન મોડેલ આ જગ્યાના મેટ્રિક્સને બદલવાની ક્ષમતા ધરાવે છે. રેપિડોએ ઓન્લી નામથી ફુડ ડિલીવરી ઉદ્યોગમાં પ્રવેશ કર્યો છે. આ કારણે સ્વિગી અને ઝોમેટોના વર્ચસ્વને પડકારવામાં આવશે તેમ મનાય છે. ઓન્લીનું ધ્યાન ઓછા બજેટના ગ્રાહકો પર છે.

એટર્નલ અને સ્વિગીના પર્ફોમન્સ પર નજર કરીએ તો સ્વિગીએ અંડરપર્ફોમ કર્યુ છે. એટર્નલે આ વર્ષે અત્યાર સુધીમાં 9 ટકા નેગેટિવ રિટર્ન આપ્યું છે. તેજ સમયે તેણે એક વર્ષમાં 2 ટકા પોઝિટિવ રિટર્ન આપ્યું છે. તેજ સમયે, સ્વિગીએ આ વર્ષે અત્યાર સુધીમાં 37 ટકા નેગેટિવ રિટર્ન આપ્યું છે. તેજ સમયે, તેણે એક વર્,માં 38 ટકા નેગેટિવ રિટર્ન આપ્યું છે. રેપિડો રેસ્ટોરન્ટ્સ માટે શુન્ય કમિશન મોડેલ પર કામ કરશે. તે જ સમયે, સ્વિગી અને ઝોમેટો રેસ્ટોરન્ટ્સ પાસેથી 16થી 30 ટકા કમિશન લે છે. આને ધ્યાનમાં રાખીને, રેપિડોની શરત મજબૂત લાગે છે. તેમાં રાઇડર્સનું મોટું નેટવર્ક છે. કંપનીને પહેલાથી જ હાલના બાઇક ટેક્સી ડ્રાઇવરોનો સીધો લાભ મળશે. આનાથી ખર્ચ ઘટાડવામાં મદદ મળશે રેપિડોને રેસ્ટોરન્ટ્સ તરફથી સારો ટેકો મળ્યો છે.

સુમિત ઈન્ડસ્ટ્રીઝ લિ.એ રાઇટસ ઇશ્યુની જાહેરાત કરી

અમદાવાદ, તા. 24: સુમિત ઈન્ડસ્ટ્રીઝ લિ.ના બોર્ડ દ્વારા રૂ. 16.84 કરોડના ફુલ્લી પેઇડઅપ ઈક્વિટી શેર જારી કરીને રૂ. 199.75 કરોડના રાઇટસ ઇશ્યુની શરતોને મંજુરી આપી છે. કંપની રાઇટસ ઇશ્યુમાંથી રૂ. 49 કરોડ ગુજરાતના સુરતમાં નાકોડા લિ. પાસેથી હસ્તગત કરેલા વધારાના 1.40 લાખ ટન પ્રતિ વાર્ષિક પોલીએસ્ટર ચીપ્સ પ્લાન્ટના એક્વિઝિશન અને ઓપરેશનલાઇઝેશન માટે ફાળવવાનો પ્રસ્તાવ મુકે છે. આ પ્રોજેકટમાં કુલ રૂ. 90 કરોડનો ખર્ચ સામેલ છે.

વિમાની ભાડામાં ૨૫% સુધીના તોતિંગ વધારાની આશંકા

$૨૦ વાળો ક્રેક સ્પ્રેડ $૫૦ને પાર

મુબઇ, તા. 24: ઉનાળાની રજાઓની ઋતુમાં હવાઇ મુસાફરીની માંગ વધવાથી મુસાફરોના ખિસ્સા પર ભારે બોજ પડવાની સંભાવના છે. ભૌગોલિક રાજકીય તણાવ અને રિફાઇનરીઓમાં ઉત્પાદનના અભાવને કારણે, જેટ ફ્યુઅલ-એટીએફની કટોકટી વિશ્વભરમાં વધુ ઘેરી બનવા લાગી છે. કન્સલ્ટિંગ ફર્મ મેકકિન્સીના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, આ સપ્લાય કટોકટીને કારણે એરલાઇન્સની કિંમત ઝડપથી વધી રહી છે, જેની સીધી અસર ટિકિટના ભાવ પર પડશે અને હવાઇ ભાડા 25 ટકા જેટલા મોંઘા થઇ શકે છે.

ઉડ્ડયન ઇંધણના ભાવમાં આ ઉછાળો મુખ્યત્વે ક્રુડ ઓઇલના વલણ અને ક્રેક સ્પ્રેડમાં વધારાને કારણે આવ્યો છે. સરળ શબ્દોમાં કહીએ તો, ક્રુડ ઓઇલ અને તેના રિફાઇન્ડ ઉત્પાદનો વચ્ચેના તફાવતને ક્રેક સ્પ્રેડ કહેવામાં આવે છે. ઐતિહાસિક રીતે, ઉડ્ડયન ઇંધણનો ક્રેક સ્પ્રેડ બેરલ દીઠ લગભગ 20 ડોલર હતો, પરંતુ 2026માં તેની સરેરાશ બેરલ દીઠ 50 ડોલરથી વધુ થઇ શકે છે. વિશ્વનો જેટ ફ્યુઅલ સપ્લાયનો લગભગ 40 ટકા હિસ્સો ગલ્ફ ક્ષેત્ર અને એશિયન દેશોના નિકાસકારો પાસેથી આવે છે. હાલમાં, આ બે વિસ્તારોમાંથી પુરવઠો ખોરવાઇ ગયો છે.

કોઇપણ એરલાઇનના કુલ ખર્ચના લગભગ 30 ટકા જેટલો ખર્ચ બળતણનો હોય છે, જથી જેટ ફ્યુઅલની કિંમત બમણી થઇ જાય છે તો તેની સીધી અસર મુસાફરોના ખિસ્સા ઉપર પડે છે. જેથી એર ટીકીટની કિંમતાં 20થી 25 ટકાનો વધારો થઇ શકે છે.

મેકકિન્સીના અહેવાલમાં હકારાત્મક સંભાવના ઉભી કરવામાં આવી છે કે જો હોર્મુઝ સ્ટ્રેટમાં ટેન્કરોની હિલચાલ વધે છે, તો જેટ ફ્યુઅલના ભાવમાં તાત્કાલિક અસરથી ઘટાડો થઇ શકે છે. જોકે, આ રાહત લાંબા સમય સુધી ટકી શકશે નહીં. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે દેશો તેમના વ્યૂહાત્મક ભંડારને ફરીથી ભરવા અને ફરીથી સંગ્રહ કરવામાં રોકાયેલા છે, જેના કારણે સપ્લાય ચેઇન સામાન્ય થયા પછી પણ આગામી કેટલાક મહિનાઓ સુધી કિંમતો ઉંચી રહેવાની સંભાવના છે.

સીધા વિદેશી રોકાણમાં એપ્રિલ મહિનામાં ચાર ગણો વધારો

રોકાણ વધીને 6.58 બિલિયન ડોલર થયું

મુંબઈ, તા. 24 : ભારતમાં એપ્રિલ 2026માં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ચારગણું વધીને 6.58 બિલિયન ડોલર થયું છે. આ વધારાનું મુખ્ય કારણ ઈક્વિટીમાં રોકાણમાં વધારો અને નીચું ગયેલું વેચાણ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના આંકડા અનુસાર, એપ્રિલ 2026 માં ભારતમાં ચોખ્ખું વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ચાર ગણું વધીને $6.58 બિલિયન થયું, જેનું મુખ્ય કારણ ઈક્વિટી પ્રવાહમાં વધારો અને વિદેશી રોકાણકારો દ્વારા ઓછો આઉટફ્લો હતો. એપ્રિલ 2025 માં ચોખ્ખું FDI 1.59 બિલિયન ડોલર અને માર્ચ 2026 માં 917 મિલિયન ડોલર હતું. એપ્રિલમાં કુલ FDI પ્રવાહ વાર્ષિક ધોરણે 65 ટકા વધીને 15.29 બિલિયન ડોલર થયો, જે એક વર્ષ પહેલા 9.25 બિલિયન ડોલર અને માર્ચમાં 6.63 બિલિયન ડોલર હતો. સીધુ વિદેશી રોકાણ મુખ્યત્વે ઈક્વિટીમાં રહે છે જે એપ્રિલ 2026 માં વધીને $12.42 બિલિયન રહ્યું, એપ્રિલ 2025 માં ઈક્વિટીમાં 6.82 બિલિયન ડોલર અને માર્ચ 2026 માં 3.58 બિલિયન ડોલર થયું હતું. રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે, એપ્રિલ 2026 દરમિયાન ચોખ્ખું વિદેશી રોકાણ ગયા વર્ષના સમાન સમયગાળા કરતા વધુ રહયું જેને વધુ ગ્રોસ ઈનફ્લો અને ઓછા આઉટફ્લો દ્વારા ટેકો મળ્યો હતો.

રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે, “75 ટકાથી વધુ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ જાપાન, સિંગાપોર અને મોરેશિયસથી આવ્યું હતું.”

ભારતના પ્રાઈવેટ સેક્ટરના ગ્રોથ પર બ્રેક

મુંબઈ, તા. 24: જૂન મહિનામાં ભારતના ખાનગી ક્ષેત્રનો વિકાસ ધીમો પડ્યો. જૂનમાં સંયુક્ત PMI 57.4 રહ્યો, જે મે મહિનામાં 59.3 હતો. નબળી પડતી માંગ અને ખર્ચના દબાણને કારણે વૃદ્ધિ ધીમી પડી છે. એક ખાનગી સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું હતું કે ભારતના માલ અને સેવાઓ માટે માંગમાં ધીમી વૃદ્ધિને કારણે ઉત્પાદન અને રોજગાર સર્જન ધીમું પડ્યું છે.S|P ગ્લોબલ દ્વારા સંકલિત HSBC ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ પરચેઝિંગ મેનેજર્સ આઉટપુટ ઈન્ડેક્સ (PMI) મે મહિનામાં 59.3 થી ઘટીને 57.4 પર આવી ગયો.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES NOR IS IT A PROSPECTUS ANNOUNCEMENT. **NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.**

INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES OF STEAMHOUSE INDIA LIMITED ON THE MAIN BOARD OF THE BSE LIMITED ("**BSE**") AND THE NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("**NSE**", AND TOGETHER WITH BSE, THE "**STOCK EXCHANGES**") IN COMPLIANCE WITH CHAPTER II AND II-A OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("**SEBI ICDR REGULATIONS**")

PUBLIC ANNOUNCEMENT

(Please scan this QR code to view the UDRHP-I)

steamhouse®

STEAMHOUSE INDIA LIMITED

Our Company was originally incorporated as 'Ankleshwar Eco Energy Limited' at Surat, Gujarat, as a public limited company under the Companies Act, 2013, pursuant to a certificate of incorporation dated June 10, 2015, issued by the Registrar of Companies, Gujarat, at Ahmedabad. Subsequently, the name of our Company was changed from 'Ankleshwar Eco Energy Limited' to 'Steamhouse India Limited' pursuant to resolutions passed by our Board and Shareholders dated July 30, 2021 and September 6, 2021, respectively, and a fresh certificate of incorporation was issued by the Registrar of Companies, Gujarat, at Ahmedabad on September 28, 2021. For details of change in the registered office of our Company, see ***"History and Certain Corporate Matters - Changes in our Registered Office"*** on page 327 of the updated draft red herring prospectus - I dated December 8, 2025 ("**UDRHP- I**").

Corporate Identity Number: U40300GJ2015PLC083493; **Website:** https://steamhouse.in;

Registered and Corporate Office: Office No. - 324, Second Floor, Four Point, V.I.P. Road, Vesu, Surat - 395007, Gujarat, India **Telephone:** +91 261 2998109

Contact Person: Shyam Bhadresh Kapadia, Company Secretary and Compliance Officer; **Telephone:** +91 261 2998109; **E-mail:** compliance@steamhouse.in

OUR PROMOTERS: VISHAL SANWARPRASAD BUDHIA, RITU BUDHIA, VSB BUSINESS TRUST, BUDHIA BUSINESS TRUST AND VB BUSINESS TRUST

NOTICE TO INVESTORS ("NOTICE")

In reference to the Updated Draft Red Herring Prospectus - I and the corrigendum dated June 19, 2026 published on June 20, 2026, filed by the Company with the Securities and Exchange Board of India, BSE Limited and National Stock Exchange of India Limited ("**Stock Exchanges**"), potential investors should note the following:

1. Our Company, in consultation with the BRLM, has undertaken a Pre-IPO Placement of 68,49,315 Equity Shares at an issue price of ₹73 per Equity Share (including a premium of ₹71 per Equity Share) for a cash consideration aggregating to ₹499.99 million, by way of a private placement in accordance with Sections 42 and 62 of the Companies Act, 2013, read with the Companies (Prospectus and Allotment of Securities) Rules, 2014 and the Companies (Share Capital and Debentures) Rules, 2014, each as amended ("**Pre-IPO Placement**").
2. The Pre-IPO Placement has been undertaken pursuant to the approval of the Board at their meetings held on June 19, 2026 and June 22, 2026 and by the Shareholders at their meeting held on June 24, 2026.
3. Further, as a part of the Pre-IPO Placement, share subscription agreement each dated June 24, 2026 was executed between (i) the Company and Singularity Large Value Fund- III (ii) the Company and Singularity Equity Fund I and (iii) the Company and Niveshaay Sambhav Fund.
4. The Company has allotted the Equity Shares in the Pre-IPO Placement pursuant to a circular resolution passed by the Board in its meeting held on June 24, 2026, in the manner as set forth below:

Date of Allotment	Name of the Allottees	Nature of consideration	Reason/ Nature of allotment	Percentage of pre-Offer share capital of our Company*	Number of Equity Shares Allotted	Issue Price (in ₹)	Amount (in ₹ million)
June 24, 2026	Singularity Large Value Fund III	Cash	Private Placement	2.06%	47,94,520	73	349.99
June 24, 2026	Singularity Equity Fund I	Cash	Private Placement	0.29%	6,84,932	73	50.00
June 24, 2026	Niveshaay Sambhav Fund	Cash	Private Placement	0.59%	13,69,863	73	99.99
Total				**2.94%**	**68,49,315**		**499.99**

** Calculated after taking into account the Pre-IPO Placement of 6,849,315 Equity Shares.*

5. Accordingly, the amount proposed to be raised through the Fresh Issue shall be reduced pursuant to the Pre-IPO Placement, which does not exceed 20% of the Fresh Issue size as disclosed in the UDRHP-I, subject to the Offer complying with Rule 19(2)(b) of the Securities Contracts (Regulations) Rules, 1957.
6. Please note that the Equity Shares issued pursuant to the Pre-IPO Placement, being the pre-Offer Equity Share capital shall be subject to lock-in, in accordance with Regulation 17 of the SEBI ICDR Regulations. Please also note that the Company has intimated the aforementioned allotment to the Stock Exchanges in accordance with Regulation 54 of SEBI ICDR Regulations.
7. The aforementioned allottees are not connected with our Company, Subsidiary, Promoters, Promoter Group, Directors, Key Managerial Personnel, Group Companies and the directors or key managerial personnel of the Subsidiary or the Group Companies, in any manner.
8. Further, our Company has appropriately intimated the aforementioned allottees, that there is no guarantee that our Company will proceed with the Offer, or the Offer will be successfully and subsequently, result into listing of the Equity Shares on the Stock Exchanges.

We hereby confirm that the amount proposed to be raised through the Fresh Issue shall be reduced by ₹499.99 million pursuant to the Pre-IPO Placement and the size of the Fresh Issue has been revised up to ₹2,950.00 million, subject to increase in size if any, in line with Schedule XVI of SEBI ICDR Regulations, 2018, as amended and Offer complying with Rule 19(2)(b) of the Securities Contracts (Regulations) Rules, 1957. Further, our Company has undertaken that the proceeds from such Pre-IPO Placement, shall be completely utilized towards the general corporate purpose portion of the Objects of the Offer.

In accordance with the directives dated July 4, 2023 issued by SEBI to the Association of Investment Bankers of India (the "**SEBI Directive**"), we further undertake that the disclosures regarding the Pre-IPO Placement shall be updated in the UDRHP-II, RHP, Abridged Prospectus and Prospectus, as applicable, and be made part of the price band advertisement.

Please note that this Notice does not purport to, nor does it, reflect all the changes that have occurred from the date of filing of the UDRHP-I and the date of this Notice. Accordingly, this Notice does not include all the changes and/or updates that will be included in the UDRHP-II, Red Herring Prospectus, abridged prospectus and Prospectus. Please note that the information included in the UDRHP-I will be updated, including to the extent updated by way of this Notice, as may be applicable, in the UDRHP-II, Red Herring Prospectus, abridged prospectus and Prospectus. Investors should not rely on the UDRHP-I or this Notice for any investment decision, and should read the Red Herring Prospectus, as and when it is filed with the RoC, and subsequently with SEBI and the Stock Exchanges before making an investment decision with respect to the Offer.

All capitalized terms used in this Notice shall, unless the context otherwise requires, have the same meaning as ascribed in the UDRHP-I.

BOOK RUNNING LEAD MANAGER	REGISTRAR TO THE OFFER
equirus	KFINTECH
Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited) Unit No. 2601B, 26th Floor, A Wing, Marathon Futurex, Mafatlal Mills Compound, N M Joshi Marg, Lower Parel, Mumbai - 400 013, Maharashtra, India **Telephone:** +91 22 4332 0734 **Email:** steam.ipo@equirus.com **Investor Grievance E-Mail:** investorsgrievance@equirus.com **Website:** www.equirus.com **Contact person:** Mrunal Jadhav / Rahul Wadekar **SEBI Registration No.:** INM00011286	**KFin Technologies Limited** Selenium Tower B, Plot 31 & 32 Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad - 500 032, Telengana, India **Telephone:** + 91-40-67162222/ 18003094001 **E-mail:** steamhouse.ipo@kfintech.com **Investor Grievance E-Mail:** einward.ris@kfintech.com **Website:** www.kfintech.com **Contact person:** M. Murali Krishna **SEBI Registration No.:** INR000000221

For **STEAMHOUSE INDIA LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
Shyam Bhadresh Kapadia
Company Secretary and Compliance Officer

Place: Surat, Gujarat
Date: June 24, 2026

STEAMHOUSE INDIA LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares ("**Offer**") defined above and has filed the UDRHP-I with SEBI and the Stock Exchanges on December 8, 2025. The UDRHP-I is available on the website of the SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, respectively, the website of the Company at https://steamhouse.in; and on the website of the Book Running Lead Manager ("**BRLM**"), i.e. Equirus Capital Limited (formerly known as Equirus Capital Private Limited) at www.equirus.com. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ***"Risk Factors"*** beginning on page 34 of the UDRHP-I. Potential investors should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges, and should rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

This public announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This public announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**"), or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in, and in reliance on, Regulation S under the U.S. Securities Act and applicable laws of the jurisdictions where such offers and sales occur. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the issuer or the selling security holder and that will contain detailed information about the company and management, as well as financial statements. No public offering or sale of securities in the United States is contemplated. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be issued or sold except in compliance with the applicable laws of such jurisdiction.